Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :43• Date : 14-03-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

# ૧૦ વર્ષનું કામ માત્ર એક ટ્રેલર છે,હજી લાંબી મજલ કાપવાની છે: મોદી



અમદાવાદ,

ગુજરાતના અમદાવાદમાં રૂ. ૧,૦૬,૦૦૦કરોડથી વધુના મૂલ્યના બહુવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનો શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કર્યા. ફ્રેટ કોરિડોર પ્રોજેક્ટના બહુવિધ મુખ્ય વિભાગો રાષ્ટ્રને સમર્પિત કર્યો. સાથે જ ૧૦ નવી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી. તો દહેજ ખાતે પેટ્રોનેટ એલએનજીના પેટ્રોકેમિકલ્સ સંકુલનો શિલાન્યાસ કર્યો. આમ, ૨૦૨૪ના ૭૫ દિવસમાં, ૧૧ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અથવા શિલાન્યાસ કરવામાં આવ્યું છે, જ્યારે કે છેલ્લા ૧૦-૧૨ દિવસમાં ૭ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું અનાવરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું કે, આ ૧૦ વર્ષનું કામ માત્ર એક ટ્રેલર છે. મારે લાંબી મજલ કાપવાની છે. રેલવેનું પરિવર્તન એ જ વિકસીત ભારતની ગેરંટી છે. આ રેલવે ટ્રેનો, ટ્રેક અને સ્ટેશનોનું ઉત્પાદન મેડ ઇન ઇન્ડિયાની ઈકોસિસ્ટમ બનાવી રહ્યું છે. અમારા માટે આ વિકાસ યોજનાઓ સરકાર બનાવવા માટે નથી પરંતુ તે રાષ્ટ્ર નિર્માણનું મિશન છે. સરકારનો ભાર ભારતીય રેલવેને આત્મનિર્ભર ભારત અને સ્થાનિક માટે અવાજનું માધ્યમ બનાવવા પર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના અમદાવાદમાં ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ઓપરેશન કંટ્રોલ સેન્ટર ખાતે રૂ. ૧,૦૬,૦૦૦કરોડથી વધુના મૂલ્યના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો અને રાષ્ટ્રને સમર્પિત કર્યું. આજના વિકાસ પ્રોજેક્ટ્સમાં રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને પેટ્રોકેમિકલ્સ સહિતના અનેક ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તેમણે ૧૦ નવી વંદે ભારત ટ્રેનોને પણ લીલી ઝંડી બતાવી હતી. પ્રધાનમંત્રીએ ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યોમાં આશરે રૂ. ૪૦૦ કરોડના એકતા મોલ્સનો શિલાન્યાસ પણ કર્યો. એકતા મોલ્સ ભારતીય હાથશાળ, હસ્તકલા, પરંપરાગત ઉત્પાદનો અને ઓડીઓપી ઉત્પાદનોના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાની ઉજવણી અને સમર્થન કરે છે. એકતા મોલ્સ એ ભારતની એકતા અને વિવિધતાનું પ્રતીક છે, તેમજ આપણી પરંપરાગત કુશળતા અને ક્ષેત્રોના વિકાસ અને સશક્તિકરણ માટે ઉત્પ્રેરક છે.

નવા ઈલેક્ટ્રિફાઈડ સેક્શનનું સમર્પણ, ટ્રેકનું ડબલિંગ/મલ્ટી-ટ્રેકિંગ, રેલ્વે ગુડ્સ શેડ, વર્કશોપ, લોકો શેડ, પીટ લાઈન/કોચિંગ ડેપોનો વિકાસ જેવા અન્ય વિવિધ પ્રોજેક્ટ પણ પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ્સ આધુનિક અને મજબૂત રેલવે નેટવર્ક બનાવવા માટે સરકારના સમર્પણનો પુરાવો છે. આ રોકાણ માત્ર કનેક્ટિવિટી જ નહીં પરંતુ આર્થિક વૃદ્ધિને પણ વેગ આપશે અને રોજગારીની નવી તકોનું સર્જન કરશે. આ પ્રસંગે સંબોધન કરતાં, પ્રધાનમંત્રીએ ૨૦૦થી વધુ વિવિધ સ્થળોએથી લાખો લોકો ઈવેન્ટ સાથે જોડાયેલા હોવાનો સ્વીકાર કર્યો અને કહ્યું કે આજની ઈવેન્ટના સ્કેલ અને કદને રેલવેના ઈતિહાસમાં અન્ય કોઈ ઘટના સાથે મેચ કરી શકાય નહીં. તેમણે આજની ઘટના માટે રેલવેને પણ અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે દેશભરમાં અનેક વિકાસ પરિયોજનાઓના ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ સાથે વિકસિત ભારતના નિર્માણ માટે વિકાસ કાર્યો સતત વિસ્તરી રહ્યા છે.

"૨૦૨૪ના ૭૫ દિવસોમાં, ૧૧ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અથવા શિલાન્યાસ કરવામાં આવ્યું છે. જ્યારે છેલ્લા ૧૦-૧૨ દિવસમાં ૭ લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું અનાવરણ કરવામાં આવ્યું છે. આજનું સંગઠન એ વિકસિત ભારતના ધ્યેયને સિદ્ધ કરવા માટેનું એક નિર્ણાયક પગલું છે. લગભગ રૂ. ૧ લાખ કરોડના પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અથવા શિલાન્યાસ કરવામાં આવ્યા છે. જ્યાં આશરે રૂ. ૮૫,૦૦૦ કરોડના પ્રોજેક્ટ રેલવેને સમર્પિત છે.

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા મહારાષ્ટ્રમાં

# મહિલાઓને સરવે વગર જ અનામત અપાશે : રાહુલ



નવી દિલ્હી,

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે દરેક રાજકીય પાર્ટીઓ પૂરજોશમાં પ્રચાર કરી રહી છે. રાહુલ ગાંધીહાલ ભારત જોડો ન્યાય યાત્રા કરી રહ્યા છે અને તેમની યાત્રા મહારાષ્ટ્રમાં પહોંચી ગઈ છે, જ્યાં તેમણે મહિલાઓને લઈને એક મોટા ચૂંટણી વચનની જાહેરાત કરી હતી. રાહુલ ગાંધીએ ભારત જોડો ન્યાય યાત્રા મણિપુરથી શરુ કરી હતી, જે મહારાષ્ટ્રમાં પહોંચી ગયી છે જેમાં મહિલાઓ પણ ઉત્સાહથી ભાગ લઈ રહી છે. લોકસભાની ચૂંટણીને લઈને રાહુલ ગાંધી આ યાત્રા દ્વારા દરેક રાજ્યમાં કોંગ્રેસને વધુને વધુ બેઠક મળે તે માટે પ્રચાર કરી રહ્યા છે ત્યારે આજે તેમણે કહ્યું હતું કે જો કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો મહિલાઓને સરવે વગર જ અનામત આપશે અને દસ વર્ષ બાદ સરવે કરવામાં આવશે.

જેવી જ કોંગ્રેસની સરકાર આવશે કે તરત જ સરવે વગર જ અનામત આપીશું. મહારાષ્ટ્રમાં ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન રાહુલ ગાંધીએ જનસભાને સંબોધતા કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ લોકસભામાં બહુ ધામધૂમથી આનામત આપી હતી. પરંતુ તમને કહેવામાં આવ્યું કે સરવે પછી જ અનામત આપવામાં આવશે.' રાહુલ ગાંધીએ આગળ કહ્યું કે, જો કોંગ્રેસ પાર્ટીની સરકાર આવશે તો તરત જ તમને અનામત આપશે. કોઈપણ સરવેની જરૂર રહેશે નહીં.' નોંધનીય છે કે કોંગ્રેસ પાર્ટી દેશની અડધી વસ્તીને પોતાના તરફ ધ્યાન ખેંચવાના સતત પ્રયાસો કરી રહી છે. પાર્ટીનું માનવું છે કે જો તેમને ચૂંટણીમાં મોટી જીત હાંસલ કરવી હોય તો મહિલાઓમાં પોતાની પકડ મજબૂત કરવી પડશે. આ જ કારણ છે કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ આજે 'મહિલા ન્યાય' ગેરંટીની જાહેરાત કરી છે. આ જાહેરાત અંતર્ગત કહેવામાં આવ્યું હતું કે સરકારી નોકરીઓમાં મહિલાઓને ૫૦ ટકા અધિકાર આપવામાં આવશે.

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે વીજસંકટ સર્જાઈ શકે છે

નવી દિલ્હી,

વિશ્વના ઘણા દેશોમાં વીજળીની કટોકટી છે અને ઉનાળાની ઋતુમાં આ સંકટ નોંધપાત્ર રીતે વધી જાય છે. ભારતમાં પણ આપણને વારંવાર વીજળીને લઈને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ વિશ્વના ઘણા દેશોમાં રોજેરોજ થઈ રહ્યો છે. તમારામાંથી ઘણા લોકો ચેટજીપીટી જેવા એઆઈ ટૂલ્સનો પણ ઉપયોગ કરતા હશે, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે આ એઆઈ ટૂલ્સ કોઈ દિવસ આખી દુનિયામાં પાવર કટોકટીનું કારણ બની શકે છે. એક રિપોર્ટ અનુસાર, એઆઈ ચેટટૂલ ચેટજીપીટી દર કલાકે ૫,૦૦૦ કિલોવોટ વીજળી વાપરે છે. આ વપરાશ ફક્ત ૨૦૦ મિલિયન યુઝર્સની ડેઈલી રીક્વેસ્ટ પર થઈ રહ્યો છે અને જો રીક્વેસ્ટની સંખ્યામાં વધારો થશે તો વપરાશ પણ વધી શકે છે. હા તો આ સરેરાશ ગણવામાં આવે છે, ચેટજીપીટી સરેરાશ અમેરિકન ઘર કરતાં ૧૭,૦૦૦ ગણી વધુ વીજળીનો વપરાશ કરે છે.

જો જનરેટિવ એઆઈનો ઉપયોગ વધે છે તો વીજળીનો વપરાશ પણ વધી શકે છે.

## તંત્રી લેખ

# મહત્ત્વપૂર્ણ સમજૂતી

મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત અભિયાનને ઉત્તેજન આપવા દરમ્યાન ભારતની ચાર દેશોના સમૂહ ઈએફટીએ સાથે મુક્ત વેપાર સમજૂતી (એફટીએ) કરવી રોકાણ અને ટ્રેડને ગતિ આપવાની દિશામાં મહત્ત્વનું પગલું છે. એફટીએ અંતર્ગત ઈએફટીએએ આગામી ૧૫ વર્ષમાં ૧૦૦ અબજ ડોલરના રોકાણની પ્રતિબદ્ઘતા વ્યક્ત કરી છે. આ ભારતના એવા સમૂહ સાથે પહેલો આધુનિક વેપાર કરાર છે, જેમાં વિકસિત દેશ સામેલ છે. કોઈ વેપાર કરારમાં આ પહેલો પ્રસંગ છે, જ્યારે ઈએફટીએ આગામી ૧૫ વર્ષમાં મોટું રોકાણ કરશે. યુરોપીય મુક્ત વેપાર સંઘ (ઈએફટીએ)ના સદસ્ય દેશોમાં આઈસલેન્ડ, લીશટેંસ્ટીન, નોર્વે અને સ્વિટ્ઝરલેન્ડ સામેલ છે. આ સમજૂતીમાં માલમાં વેપાર, ઉત્પત્તિના નિયમ, બૌદ્ઘિક સંપદા અધિકાર (આઈપીઆર), સેવાઓમાં વેપાર, રોકાણ પ્રોત્સાહન અને સહયોગ, સરકારી ખરીદી, વેપારમાં ટેકનિકલ અડચણો અને વેપાર સુવિધા સામેલ છે. જોકે એફટીએનો જે અત્યાર સુધીનો ભારતનો અનુભવ છે, તેમાં વધુ ફાયદો ભાગીદાર દેશ કે સમૂહને જ મળ્યો છે. ઉદારીકરણ અને મુક્ત બજાર વ્યવસ્થામાં પણ આ જ હાલ થયા.

યુરોપીય મુક્ત વેપાર સંઘ સાથે એફટીએ બાદ હવે ભારતીય ઉદ્યમીઓ, સેવાઓ અને ઉત્પાદનોને યુરોપીય બજાર સુધી પહોંચ આસાન અને કિફાયતી થતી જશે. ભારત મુક્ત વેપાર સમજૂતી દ્વારા અમેરિકી કે ચીની બહુપક્ષીય ટ્રેડ જૂથમાં જવાને બદલે ગ્લોબલ ટ્રેડમાં પોતાના રણનીતિક વિસ્તારને ઉત્તેજન આપી રહ્યું છે. ભારત અને ઈએફટીએ આર્થિક સંબંધોને ઉત્તેજન આપવા માટે જાન્યુઆરી, ૨૦૦૮થી સત્તાવાર રીતે વેપાર અને આર્થિક ભાગીદારી સમજૂતી (ટીઈપીએ) સમજૂતી પર વાતચીત કરી રહ્યા હતા. તેમાં ૧૬ વર્ષ લાગ્યાં. બંને પક્ષો ઓક્ટોબર, ૨૦૨૩માં ફરી વાર્તા શરૂ કરી અને તેને ઝડપથી પૂરી કરી. ઈએફટીએ દેશો યુરોપીય સંઘ (ઈયુ)નો હિસ્સો નથી. આ નવા એફટીએનું સ્વાગત થવું જોઈએ, પરંતુ ભારતે પોતાના મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત અને વોકલ ફોર લોકલ અભિયાન પર પણ ધ્યાન રાખવું પડશે. એ સાવધાની પણ જરૂરી છે કે એફટીએથી ભારત એક ડંપિંગ દેશમાં તબદીલ ન થઈ જાય. ભારતે એફટીએમાં ઉપલબ્ધ અવસરોનો લાભ ઉઠાવવો જોઈએ. ભારત ૨૭ દેશોના સમૂહ યુરોપીય સંઘ સાથે અલગથી એક બૃહદ મુક્ત વેપાર કરાર માટે વાતચીત કરી રહ્યું છે. આના પહેલાં ભારતે યુએઈ તથા ઓસ્ટ્રેલિયા સાથે એફટીએ મંત્રણાને ઝડપથી પૂરી કરવાની રણનીતિ અપનાવી હતી. ભારત-ઈએફટીએનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૨-૨૩માં ૧૮.૬૫ અબજ ડોલર રહ્યો હતો. તે ૨૦૨૧-૨૨માં ૨૭.૨૩ અબજ ડોલર હતો. આ દેશોમાં સ્વિટ્ઝરલેન્ડ, ભારતનું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર છે. નવેમ્બર ૨૦૧૯માં ભારત ક્ષેત્રીય વ્યાપક આર્થિક ભાગીદારી (આરસીઈપી)ની બહાર થઈ ગયું હતું.



ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાબરમતી ગાંધી આશ્રમમા ભૂમિપૂજન કર્યુ હતુ

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# વીજ ગ્રાહકોના હિતમાં ફ્યુઅલ સરચાર્જના ભાવમાં ઘટાડો કરાયો

ગાંધીનગર,

ચૂંટણી પૂર્વે રાજ્ય સરકારે પણ રાહતનો પટારો ખોલ્યો છે. ગુજરાત સરકારે આજે વિજ ફ્યુઅલ સરચાર્જમાં એક જ ઝાટકે ૫૦ પૈસાનો ઘટાડો કરીને વીજ વપરાશકારોને મોટી રાહત આપી છે. ચૂંટણી જાહેર થાય અને આચારસંહિતા લાગૂ પડે તે પૂર્વે જ વીજ ફ્યુઅલ સરચાર્જ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે વખતો વખત આ સરચાર્જમાં વધારો ઝીંકવામાં આવતો હોય છે. જો કે, લાંબા વખત પછી ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઓક્ટોબરથી ડિસેમ્બરના ત્રિમાસિક ગાળા દરમિયાન રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૩.૩૫ પ્રતિ યુનિટનો ફ્યુઅલ સરચાર્જ **(FPPPA)** ની વસૂલાત કરવામાં આવતી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે કોલસા અને ગેસના ભાવમાં ઘટાડાને પરિણામે એકંદરે વીજ ખરીદી ખર્ચમાં ઘટાડો થયો છે. જેને લઈને પાછલા ત્રિમાસિક ગાળાની સરખામણીએ ફયુઅલ સરચાર્જના દરમાં ઘટાડો થયો છે. આથી જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં આ ફ્યુઅલ સરચાર્જ રૂ. ૩.૩૫ પ્રતિ યુનિટથી ઘટીને રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટ વસૂલ કરવાનો થાય છે. ઊર્જા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ફ્યુઅલ સરચાર્જમાં ૫૦ પૈસાના ઘટાડાના કારણે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લીમીટેડ હેઠળની ચારેય વીજ વિતરણ કંપનીઓના અંદાજે ૧.૭૦ કરોડ ગ્રાહકોને જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૪ના ત્રિમાસિક ગાળામાં આશરે રૂ ૧,૩૪૦ કરોડનો લાભ થશે. જે રહેણાંકીય ગ્રાહકો દ્વારા માસિક ૧૦૦ યુનિટનો વીજ વપરાશ કરવામાં આવે, તેવા કિસ્સામાં ઉપરોક્ત **FPPPA**ના ઘટાડાને કારણે અંદાજે રૂ. ૫૭ ની માસિક બચત થશે.

# હડતાળનું એલન કરનારાને ગુવાહટી પોલીસે નોટિસ પાઠવી

ગુવાહાટી,

સમગ્ર દેશમાં સીએએ એટલે કે નાગરિક સુધારા કાયદો ૨૦૧૯નો અમલ કરી દેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા સોમવારે સીએએના અમલની જાહેરાત કરવામાં આવી હતી. જેને પગલે હવેથી પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશના બિનમુસ્લિમ નાગરિકો જેમ કે હિન્દુઓ, શીખ, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ વગેરેને ભારતની નાગરિકતા સરળતાથી મળી રહેશે.

જો કે સીએએના અમલની જાહેરાત થતા જ વિરોધ ચાલુ થઈ ગયો છે અને આસામમાં અનેક રાજકીય પક્ષોએ પણ હડતાળનું એલાન કર્યું છે ત્યારે ગુવાહાટી પોલીસે રાજકીય પક્ષોને કાનૂની નોટિસ મોકલી છે. આસામમાં ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન (એએએસયુ) અને ૩૦ સ્વદેશી સંગઠનોએ સોમવારે ગુવાહાટી, બરપેટા, લખીમપુર, નલબારી, ડિબ્રુગઢ અને તેજપુર સહિત રાજ્યના વિવિધ ભાગોમાં સીએએ કાયદાની નકલો સળગાવી હતી. આ ઉપરાંત, આસામમાં ૧૬ પક્ષોના સંયુક્ત વિરોધ (યુઓએફએ)એ તબક્કાવાર આંદોલનના ભાગરૂપે આજે રાજ્યવ્યાપી હડતાળની જાહેરાત કરી હતી. જો કે ગુવાહાટી પોલીસે રાજકીય પક્ષોને કાનૂની નોટિસ મોકલી છે. ગુવાહાટી પોલીસે રાજકીય પક્ષોને કાનૂની નોટિસ મોકલીને સ્પષ્ટપણે કહ્યું છે કે જો હડતાળ દરમિયાન કોઈપણ પ્રકારની તોડફોડ અથવા કોઈ નુકસાન થશે તો તેની રાજકીય પક્ષો દ્વારા ભરપાઈ કરવામાં આવશે.

# ધર્મ, જાતિ અથવા ભાષાના આધારે કોઈ ભેદભાવ હશે તો સીએએ નહીં સ્વિકારીએ: મમતા

નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે નાગરિકતા સંશોધન અધિનિયમ એટલે કે સીએએ લાગુ કરવા માટે નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ સાથે, નાગરિકતા સંશોધન કાયદો હવે દેશભરમાં લાગુ કરવામાં આવ્યો છે. નાગરિકતા સંશોધન બિલ ડિસેમ્બર ૨૦૧૯ માં સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના શિકાર બનેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ છે.

જો કે એક એજન્સીના જણાવ્યા અનુસાર, પૂર્વોત્તર રાજ્યોના મોટાભાગના આદિવાસી વિસ્તારોમાં સીએએ લાગુ કરવામાં આવશે નહીં. તેમાં બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ વિશેષ દરજ્જો આપવામાં આવેલ વિસ્તારોનો પણ સમાવેશ થાય છે. સીએએ તે તમામ પૂર્વોત્તર રાજ્યોમાં લાગુ કરવામાં આવશે નહીં જ્યાં દેશના અન્ય ભાગોમાં રહેતા લોકોને મુસાફરી માટે 'ઈનર લાઈન પરમિટ' (આઈએલપી)ની જરૂર હોય છે. ઉત્તર-પૂર્વીય રાજ્યોના કેટલાક વિસ્તારોમાં આદિવાસી જૂથોને રક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે ઈનર લાઈન પરમિટ અને બંધારણની છઠ્ઠી સૂચિ લાગુ કરવામાં આવી હતી. પરંતુ પશ્ચિમ બંગાળ અને કેરળ સરકારોએ સીએએનો વિરોધ કર્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, 'નિયમો જોયા પછી જ કંઈક કહેવાશે. જો કે, તેમણે કહ્યું કે જો ધર્મ, જાતિ અથવા ભાષાના આધારે કોઈ ભેદભાવ હશે તો અમે તેને સ્વીકારીશું નહીં. જો સીએએ અને એનઆરસી દ્વારા કોઈની નાગરિકતા છીનવાઈ જશે તો અમે ચૂપ નહીં બેસીએ. આનો સખત વિરોધ કરશે. તેમણે એમ પણ કહ્યું કે આ બંગાળ છે, અમે અહીં સીએએ લાગુ નહીં થવા દઈએ.' તે જ સમયે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને કહ્યું કે અમારી સરકારે ઘણી વખત જણાવ્યું છે કે અમે અહીં સીએએ લાગુ કરવા દઈશું નહીં, જે મુસ્લિમોને બીજા વર્ગના નાગરિક માને છે.

### હરિયાણાના રાજકારણમાં ભારે ઉથલ-પાથલ સર્જાઈ

# નાયબ સૈનિ હરિયાણાના નવા મુખ્યમંત્રી બન્યા



ચંદિગઢ,

હરિયાણાના રાજકારણમાં આજે ભારે ઉથલ-પાથલ સર્જાઈ છે. આજે ભાજપ અને જનનાયક જનતા પાર્ટી (જેપીપી) વચ્ચે ગઠબંધનતૂટ્યા બાદ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે રાજીનામું આપી દીધું છે. ભાજપે પણ અન્ય પક્ષોના ઉમેદવારોના સાથ મેળવી લીધો છે અને નવી સરકાર બનાવવાની તૈયારી સાથે નવા મુખ્યમંત્રી નાયબ સૈનિ પર મહોર પણ મારી દીધી છે, જેઓએઆજે નવા મુખ્મયંત્રી પદના શપથ લીધા. આમ રાજ્યના રાજકારણમાં આજે ચાર મોટા ઉલટફેર જોવા મળ્યા છે. આજે ભાજપની નવી સરકાર બની જશે, જોકે તેમ છતાં નવી સરકાર સામે ઘણાં પડકારો યથાવત્ છે. રાજ્યમાં સરકાર બનાવવા માટે કુલ ૪૬ ધારાસભ્યોની જરૂર હોય છે. ભાજપે આ જાદુઈ આંકડો હાંસલ પણ કરી લીધો છે. જોકે તેમ છતાં રાજ્યનું બેઠક ગણિત ભાજપ સરકારને ફરી મુશ્કેલીમાં નાખી શકે છે.

મળતા અહેવાલો મુજબ લોકસભા ચૂંટણીમાં બેઠક વહેંચણી મુદ્દે ભાજપ અને જેપીપી વચ્ચે વિવાદ થતા બંનેનું ગઠબંધન તૂટી ગયું છે. હરિયાણાના નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાએ મોડી રાત્રે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાસાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે એકથી બે બેઠકો માંગી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ હાઈકમાન્ડે તેમને કહ્યું કે તેમને ગઠબંધનના ભાવિ વિચાર વિશે જાણ કરવામાં આવશે.

હરિયાણામાં કુલ ૯૦ વિધાનસભા સીટો છે. આ ૯૦ બેઠકોમાંથી ૪૧ ભાજપ પાસે છે. કોંગ્રેસ પાસે ૩૦ બેઠકો, ઈન્ડિયન નેશનલ લોકદળ પાસે ૧૦, હરિયાણા લોકહિત પાર્ટી પાસે એક અને અપક્ષની છ બેઠકો છે. હરિયાણામાં બહુમત માટે ૪૬ ધારાસભ્યોની જરૂર છે. હરિયાણામાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે જેજેપી સાથે ગઠબંધન કરીને સરકાર બનાવી હતી. તે વખતે ચૂંટણીમાં ભાજપને ૪૧ જ્યારે જેજેપીને ૧૦ બેઠકો મળી હતી. રાજ્યમાં સરકાર બનાવવા ૪૬ ધારાસભ્યોની જરૂર હોય છે, જેમાં ૪૧ બેઠકો ધરાવતા ભાજપને એલએચપીના એક ધારાસભ્યનું અને સાત અપક્ષ ધારાસભ્યનું સમર્થન મળેલું છે. આવી સ્થિતિમાં ભાજપનું કુલ સંખ્યાબળ ૪૮ પર પહોંચી ગયું છે. ગઠબંધન તૂટ્યા બાદ જેપીપી ભાજપની સરકારને કોઈપણ નુકસાન નહીં પહોંચાડી શકે. જોકે ભાજપ બહુમતીના બોર્ડર પર છે અને જો ત્રણ અપક્ષ ધારાસભ્યો છટક્યા તો ભાજપની સરકાર ફરી ખતરામાં પડી શકે છે.

# ગૃહિણીઓનાં બજેટમાં થશે બચત, મરચાનાં ભાવમાં મોટો ઘટાડો

જામનગર,

માર્ચ અને એપ્રિલ મહિનામાં ગૃહિણીઓ આખા વર્ષનો ગરમ મસાલાની ખરીદી કરતી હોઈ છે. ત્યારે આ વર્ષે પણ બજારમાં બારે માસ ભરવા લાયક મરચા દળવાની સીઝન શરૂ ગઈ છે. જામનગરમાં રેસમપટ્ટો, કાશ્મીરી, તેજા મરચી સહિતની જુદી જુદી વેરાયટીના મસાલા ઉપલબ્ધ છે. રેસમપટ્ટાના ભાવ ૩૦૦ રૂપિયા, કાશ્મીરીના ભાવ ૮૦૦ અને તેજા મરચીના ભાવ ૩૫૦ રૂપિયા એક કિલોના છે.

રાહતના સમાચાર એ છે કે, મરચા, હળદર, ધાણા-જીરું સહિતના મસાલાના પાકનું સારું ઉત્પાદન થતા ગત વર્ષ કરતા મસાલાના ભાવમાં કિલોએ રૂ. ૫૦થી ૧૦૦ રૂપિયાનો ઘટાડો થયાનું જામનગરના મસાલાના વેપારીઓએ જણાવ્યું હતું. વધુમાં જામનગરમાં કાશ્મીરી અને રેશમપટ્ટો મરચાની મોટી માંગ હોવાનું જણાવાયું છે. માર્ચ અને એપ્રિલના મહિનામાં હળદર, મરચું, ધાણા-જીરું સહિતના મરી મસાલાની સીઝન હોય છે. આ બે મહિનામાં જ બાર મહિના ચાલે તેટલા મસાલાની ખરીદી કરવામાં આવે છે. જોકે હવે મોલ કલ્ચર આવતા લોકો બાર મહિનાનું સાથે મરચું ખરીદવાને બદલે છ મહિનાની ખરીદી કરે છે અને ત્યારબાદ મોલમાંથી લોકો ખરીદી કરે છે. જેને લઈને ઘરાકી ઓછી જોવા મળી રહી છે. પરંતુ આ વર્ષે ભાવમાં ઘટાડો નોંધાતા ઘરાકીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે, જામનગરમાં આવતું તીખું મરચું આંધ્રપ્રદેશથી આવે છે. જયારે હીંગ અફઘાનિસ્તાનના કાબુલમાંથી આવે છે. આ વર્ષે મરચા અને હળદરનું ઉત્પાદન સારું હોવાથી ભાવમાં પ્રમાણમાં ઘટાડો નોંધાય છે.

# રાયસેનના સુલતાનપુરમાં જાનૈયાઓ પર ડમ્પર ફરી વળતાં છનાં મોત

રાયસેન,

દેશમાં છેલ્લા કેટલાય સમયથી અકસ્માતની ઘટના વધુ બની રહી છે ત્યારે મધ્યપ્રદેશમાં વધુ એક ભીષણ અકસ્માતની ઘટના બની છે જેમાં છ લોકોના મોત થયા છે જ્યારે ૧૧ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હાલ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મધ્યપ્રદેશના રાયસેન જિલ્લાના સુલતાનપુરના ઘાટ ગામ નજીક જાનૈયાઓ એક અનિયંત્રિત ડમ્પર લોકો પર ફરી વળ્યું હતું જેમાં છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૧૧ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને સુલતાનપુરની આરોગ્ય કેન્દ્ર પર સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાને પગલે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.આ ગંભીર ઘટનાની જાણ થતાં જ કલેક્ટર અરવિંદ કુમાર દુબે અને એસપી વિકાસ કુમાર સેહવાલ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

# અનંત-રાધિકા પર મોંઘીદાટ ગિફ્ટ્સનો વરસાદ થયો



નવી દિલ્હી,

રાધિકા મર્ચન્ટ અને અનંત અંબાણીએ જામનગરમાં ૧થી ૩ માર્ચના રોજ તેમના પ્રી-વેડિંગ ફંક્શન્સ યોજ્યા હતા. ત્રણ દિવસ સુધી ચાલેલા આ પ્રી-વેડિંગમાં બોલિવૂડ સેલિબ્રિટીઓ, ઈન્ટરનેશનલ સેલિબ્રિટીઓ, રાજકીય હસ્તીઓ, લાઈફસ્ટાઈલ ગુરુઓ, સંગીતકારોનો જમાવડો હતો. તસ્વીરો અને વિડીયો થોડા જ સમયમાં ઓનલાઈન વાયરલ થઈ ગયા. જો કે, બી-ટાઉન સેલેબ્સે અનંત અને રાધિકાને મોંઘીદાટ ગિફ્ટ્સ આપી છે. અમે અહીં તમારી સાથે તેની લિસ્ટ શેર કરી રહ્યાં છીએ. નીતા અંબાણી અને મુકેશ અંબાણીએ કથિત રૂપે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી વેડિંગ ફંક્શન માટે ૧૨૫૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. આ કપલે ત્રણ દિવસ સુધી પ્રી વેડિંગ ફંક્શન હોસ્ટ કર્યો અને પછી રિલાયન્સ ફેમિલી માટે ડિનરનું આયોજન કર્યુ હતું.

આ પ્રી વેડિંગ ફંક્શનમાં બોલિવૂડના લગભગ દરેક સ્ટાર પહોંચ્યા અને જે સામેલ ન થઈ શક્યાં તેમણે કપલ માટે ગિફ્ટ્સ મોકલાવી. અનંત અને રાધિકાને તમામ ગેસ્ટે એકથી એક ચડિયાતી ગિફ્ટ આપી, પરંતુ સૌથી મોંઘી ગિફ્ટ આપીને કોણે બાજી મારી? ચાલો જાણીએ. અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટના પ્રી વેડિંગમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટ દીકરી રાહા કપૂર અને નીતૂ કપૂર સાથે પહોંચ્યા હતાં. બંનેએ કપલને મોંઘી ગિફ્ટ આપી છે. રિપોર્ટ્સ અનુસાર, આલિયાએ રાધિકાને ગુચી બ્રાન્ડનું ડાયમંડ જડેલું પર્સ આપ્યું છે. ત્યાં રણબીરે અનંતને જોર્ડન બ્રાન્ડના એક્સપેંસિવ શૂ સેટ ગિફ્ટ કર્યો છે. પ્રી વેડિંગ ફંક્શનમાં સલમાન ખાને અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ સાથે ખૂબ મસ્તી કરી. પાર્ટીમાં સલમાને અનંતને ફિલિપ બ્રાન્ડની મોંઘી કસ્ટમાઈઝ વોચ અને રાધિકાને ડાયમંડ ઈયરરિંગ ગિફ્ટ કરી છે. બોલિવૂડનો કિંગ શાહરૂખ ખાન ગિફ્ટ આપવાના મામલે પણ કિંગ સાબિત થયો. તેણે અનંત અને રાધિકાને સૌથી મોંઘી ગિફ્ટ આપી છે. કિંગ ખાને પ્રી-વેડિંગમાં કપલને ૫ કરોડની **Mercedes Benz 300 SLR** ગિફ્ટ કરી છે. અનંત અંબાણીની બહેન ઈશા અંબાણીની નાનપણની મિત્ર છે. એક્ટ્રેસ અંબાણીની લગભગ દરેક પાર્ટીમાં જોવા મળે છે. તેવામાં પ્રી વેડિંગમાં કંઈક ખાસ લઈને જવું જ પડે. રિપોર્ટ્સ અનુસાર, કિયારા અને સિદ્ધાર્થે અનંત અને રાધિકાને ગિફ્ટમાં ગોલ્ડ અને ડાયમંડના ગણપતિ-લક્ષ્મી આપ્યા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી વેડિંગમાં કેટરિના કૈફ અને વિક્કી કૌશલ પણ સામેલ થયાં હતાં. આ બંનેને રાધિકાને ડાયમંડના કંગન અને નેકલેસ ગિફ્ટ કર્યા છે. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ પણ ગિફ્ટ આપવાના મામલે પાછળ નથી. રિપોર્ટ્સ અનુસાર, તેમણે અનંત અને રાધિકાને એક લક્ઝરી બ્રાન્ડની ડાયમંડ કપલ વોચ ગિફ્ટ કરી છે. તેની કિંમત અંદાજિત ૨ કરોડ રૂપિયા છે.

### ગુજરાત કોંગ્રેસને વધુ એક આંચકો

# કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકીનો ચૂંટણી નહીં લડવા નિર્ણય

## એઆઈસીસી જમ્મુ- કાશ્મીરના પ્રભારી તરીકેની વર્તમાન જવાબદારીને ધ્યાનમાં રાખીને અને ગુજરાતમાં પક્ષ માટે અસરકારક રીતે પ્રચાર પર ધ્યાન કેન્દ્રીત કરવા નિર્ણય



અમદાવાદ,

લોકસભાની ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતમાં કોંગ્રેસના નેતા પક્ષથી દૂર થઈ રહ્યા છે અને ભાજપમાં જોડાઈ રહ્યા છે. આ દરમિયાન કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકીએ લોકસભા ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે. તેમણે 'એક્સ' પર આ અંગે માહિતી આપી છે. નોંધનીય છે કે, અગાઉ પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જગદીશ ઠાકોરે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી.ભરતસિંહ સોલંકીએ એક્સ પર લખ્યું, 'મને અને મારા પરિવારને કોંગ્રેસ પાર્ટીએ દાયકાઓથી ઘણું આપ્યું છે. એઆઈસીસી જમ્મુ-કાશ્મીરના પ્રભારી તરીકેની મારી વર્તમાન જવાબદારીને ધ્યાનમાં રાખીને અને ગુજરાતમાં પક્ષ માટે અસરકારક રીતે પ્રચાર કરી શકવા માટે હું આ ચૂંટણી ન લડવાની મારી ઈચ્છા હાઈકમાન્ડને નમ્રતાપૂર્વક જણાવું છું. તેમ છતાં કોંગ્રેસના આજીવન સૈનિક રહીને કેન્દ્રીય નેતૃત્વ દ્વારા જે પણ નિર્ણય લેવામાં આવશે તે હું સ્વીકારીશ અને તેનું પાલન કરીશ.ઉલ્લેખનીય છે, લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત કોંગ્રેસમાં એક સાંધે ત્યા તેર તૂટે જેવી સ્થિતી છે. કોંગ્રેસમાંથી અર્જુન મોઢવાડિયા, અંબરિશ ડેર, સી. જે ચાવડા, અરવિંદ લાડાણી, મૂળુ કંડોરિયા સહિતના નેતાઓ રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ચૂક્યા છે. સોમવારે ભારતીય ટ્રાયબલ પાર્ટીના (બીટીપી) રાષ્ટ્રીય અધ્યક્ષ અને ડેડીયાપાડાન માજી ધારાસભ્ય મહેશ વસાવા, પાલનપુરના પૂર્વ ધારાસભ્ય મહેશ પટેલ અને સંજયભાઈ મોરી ભાજપમાં જોડાયા હતા. ઉપરાંત જગદીશભાઈ પટેલ, બાલુભાઈ છોટુભાઈ વસાવા, કનુભાઈ વસાવા, પ્રિન્સ મકવાણા, કનુભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, ગંગારામ પટેલ, દેવસીભાઈ પટેલ, પાર્થ વસાવા, કોકિલાબેન તડવી, ચંપક વસાવા, રમેશભાઈ વસાવા અને ભરૂચ જિલ્લાના આપના કાર્યકર્તાઓ પણ ભાજપમાં જોડાયા હતા.

# તમે આજ કાલના આવેલા લોકો અમને શીખવાડશો?




અમદાવાદ,

કડી ખાતે નગરપાલિકાનાં લોકાર્પણ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જૂથવાદનો સ્વીકાર કર્યો છે. ચુંટણીની ખાનગી માહિતીનો નીતિન પટેલે બળાપો કાઢ્યો છે.

નીતિન પટેલે કહ્યું કે, આજ કાલમાં આવેલા શીખવાડે છે. કડીમાં ભાજપનો જૂથવાદ નીતિન પટેલે જાહેર મંચ પર સ્વીકાર્યો છે. શું નીતિન પટેલનું કડીમાં ચાલતું નથી ? તે એક મોટો સવાલ છે. કડી પાલિકાના કાર્યક્રમમાં નીતિન પટેલે બળાપો ઠાલવતાં કહ્યું કે, ચુંટણીમાં મે કહ્યું ભરત ને મદદ કરો, મને કહેવાયું ભરત ના ચાલે. તમે આજકાલ ના આવેલા, આજકાલના કડીને જાણતા થયેલા, કડીમાં કાંઈ તમને ખબર નથી. તમે આજ કાલના આવેલા અમને શીખવાડશો? કડીમાં કયો કાર્યકર ચાલે અને કયો કાર્યકર ના ચાલે એની મારા જેટલી કોઈને ખબર નહિ હોય. કોઈ ચમચાગીરી નહિ કરવાની પણ તટસ્થતાથી કામ કરવાનું. પ્રજા મારી જોડે છે, મારે કાંઈ લેવાનું નથી કે ચુંટણી લડવાની નથી, હું ઉમેદવાર નથી એ જાહેર કરી દીધું છે. મહેસાણા જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ ભરત પટેલ નીચે બેઠા છે અને અમુક લોકો કહે મને મંચ પર ના બેસાડ્યા. નીતિન પટેલે કહ્યું કે, કદી અભિમાન ના રાખવું જોઈએ. ઘરનો શીરો ખીચડી જેવો લાગે, પારકાની ગંદી ખીચડી માવા જેવી લાગે. હું ભાજપનો વર્ષો થી કાર્યકર છું કશું ન હતો ત્યારનો કાર્યકર છું. આતો અત્યારે ભાજપમાં ભરતી મેળો ચાલે છે, આવો જ આવો ચાલે છે. અમે તો માર ખાઈ ખાઈ ને મારી ગયાં.

### આવાસ યોજના કૌભાંડ મામલો

# આવાસ યોજનામાં સરકારી તંત્રના માણસોએ પોતાના માણસોને આવાસ પધરાવ્યા

રાજકોટ,

રાજકોટમાં આવાસ યોજનામાં કૌભાંડ થયાનું સામે આવ્યું છે. આવાસ યોજનામાં સરકારી તંત્રના માણસોએ પોતાના માણસોને આવાસ પધરાવ્યા હોવાની વિગતો સામે આવતા સમગ્ર શહેરમાં ચકચાર મચી છે. શહેરમાં કોર્પોરેટરોના પતિઓ આવાસ યોજના કૌભાંડ હોવાનું સામે આવતા તંત્ર લાલઘૂમ બન્યુ છે.

કોર્પોરેટરના પતિઓ દ્વારા જ આવાસ યોજનામાં સગા-વહાલાને આવાસ આપ્યા હોવાનું સામે આવ્યા બાદ પતિના કાળાકામની સજા કોર્પોરેટરોને મળી શકે છે. એવી ચર્ચા છે કે કોર્પોરેટરના પતિઓએ કોર્પોરેશનમાં સેટિંગ કરીને આવાસ પધરાવી દીધા હોઈ શકે. બંનેના નામ મનસુખ જાદવ અને કવા ગોલતર છે. મહત્વનું છે કે આવાસ યોજના આર્થિક રીતે પછાત એવા ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકો માટેની યોજના છે. અને કોર્પોરેટરના પતિઓ ગરીબોના હકના આવાસ સગાવહાલાને પધરાવી દીધા હતા.

રાજકોટમાં દેવુબેન જાદવ અને વજીબેન ગોલતર વોર્ડ નંબર ૫ અને વોર્ડ નંબર ૬ના કોર્પોરેટર છે. આ બંને કોર્પોરેટરના પતિઓ દ્વારા આવાસ યોજનામાં ગેરરીતિ આચરી હોવાનું સામે આવતા બંને કોર્પોરેટરને સસ્પેન્ડ કરાશે. જ્યારે ગઈકાલે શહેર ભાજપના પ્રમુખ દ્વારા દેવુબેન જાદવને કાયદો અને ન્યાય સમિતિના ચેરમેન પદેથી હટાવવામાં આવ્યા હતા. અને મહાનગરપાલિકાના આવાસ વિભાગના અધિકારીઓના રિપોર્ટ બાદ બંને કોર્પોરેટર કસુરવાર ઠરશે તો વધુ તેમના વિરુદ્ધ આકરી કાર્યવાહી થઈ શકે છે.

આવાસ યોજનામાં કૌભાંડને પગલે મનપાના અધિકારીઓએ ખાતાકીય કાર્યવાહી કરવાના ભાગરૂપે ડ્રોનું લિસ્ટ વેબસાઈટ પરથી હટાવી દીધું છે. આગામી દિવસોમાં નવેસરથી ડ્રો ની યાદી બહાર પાડવામાં આવશે. મનપા અધિકારીના રિપોર્ટ ના આવે ત્યાં સુધી આ મામલે બંને કોર્પોરેટર અને તેમના પતિઓને ઈસ્ટ ઓફિસ અને ભાજપના કાર્યક્રમમાં હાજર ના રહેવાની મૌખિક સુચના આપવામાં આવી છે. મોટાભાગના સમાચારોમાં અહેવાલ છે કે કોર્પોરેટરના પતિઓએ આવાસ યોજનામાં કૌભાંડમાં ગેરરીતિ આચરી છે.

# ખેડૂતની જમીનનો બળજબરી કબ્જો લેનારી ONGCની ગુજરાત હાઈકોર્ટે ઝાટકણી કાઢી

અમદાવાદ,

ત્રાગડ ગામમાં ૨૭ વર્ષથી તેલ કાઢવા માટે ખેડૂતની જમીન પર ''બળજબરીથી કબજો'' કરવા બદલ ગુજરાત હાઈકોર્ટે ઓઈલ અને નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC)ની ઝાટકણી કાઢી હતી. હાઈકોર્ટે ONGCના ચેરમેનને એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો કે કોર્પોરેશન કાયમી ધોરણે જમીન સંપાદન કરશે કે ખેડૂતને પાછી આપશે અને આટલા વર્ષોના બળજબરીપૂર્વકના કબજા માટે નુકસાનીનું વળતર ચૂકવશે.

ONGC માટે મુશ્કેલી એ છે કે જમીનનું પાર્સલ હવે અમદાવાદ શહેરની ટાઉન પ્લાનિંગ સ્કીમનો ભાગ છે. આના કારણે તેનું મૂલ્ય અનેકગણું વધી ગયું છે અને ONGC હવે તેનો ઉપયોગ તેલ કાઢવા માટે કરી શકશે નહીં . ઓએનજીસી સત્તાવાળાઓને ટીપી સ્કીમમાં ફેરફાર કરવા સમજાવવાનો પ્રયાસ કરી રહી છે, એમ કોર્પોરેશને હાઈકોર્ટને જણાવ્યું હતું.

શકરાજી ઠાકોરની ખેતીની જમીન ઓએનજીસી દ્વારા ૧૯૯૬માં ત્રણ વર્ષ માટે અસ્થાયી રૂપે હસ્તગત કરવામાં આવી હતી. બે તેલના કૂવા ખોદવામાં આવ્યા હતા અને તે હજુ પણ કાર્યરત છે.

ઠાકોરે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને ONGCને જમીન કાયમી ધોરણે અધિગ્રહણ કરવા અથવા નુકસાનની ચૂકવણી સાથે ખાલી કરવા માટે નિર્દેશ આપવામાં આવે તેવી વિનંતી કરી હતી. તેણે ફરિયાદ કરી હતી કે ઓએનજીસી તેને બે દાયકાથી વધુ સમયથી મામૂલી ભાડું ચૂકવી રહી છે. તેને ન તો જમીનની કિંમત મળે છે અને ન તો તે તેનો ઉપયોગ કરી શકે છે. પ્રાથમિક સુનાવણી પછી, મુખ્ય ન્યાયાધીશ સુનીતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ અનિરુદ્ધ માયીની બેન્ચે અવલોકન કર્યું કે ONGCએ યોગ્ય પ્રક્રિયાને અનુસર્યા વિના જમીન પર પોતાનો કબજો ચાલુ રાખ્યો.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya